વિદ્યા સાધના યોજના હેઠળ ધોરણ-૮ માં
અભ્યાસ કરતી અનુસૂચિત જાતિ અને
સામાજિક શૈક્ષણિક પછાતવર્ગોની
કન્યાઓને સાયકલ ભેટ આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૦/૨૩૭/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- 27 JUL 2011

વંચાણે લીધાઃ-

(૧) સા.ન્યા.અને અ.(આદિજાતિ વિકાસ)વિભાગનો તા. ૨૫-૨-૨૦૦૪ નો ઠરાવ ક્રમાંકઃપીએમએસ/૧૦૯૮/સાયકલ/૩૦૯/૨૦૦૪/ગ

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૨૯-૫-૨૦૦૭ નો ઠરાવ અનશ/૦૦૬/ન.બા.૨૨/ગ

(3) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૨૦/૬/૨૦૧૧ નો ઠરાવ ક્રમાંકઃપીએમએસ/ ૧૦૯૮/સાયકલ-૩૦૯-૨૦૧૧/ગ

ઠ રા વઃ-

અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા વિકસતી જાતિનાં કુમાર/કન્યાઓને શિક્ષણમાં પ્રોત્સાહન મળે તે માટે સરસ્વતી સાધના યોજના અને વિદ્યા સાધના યોજના અંતર્ગત સાયકલ ભેટ આપવાની યોજનાસામાજીક ન્યાય અને અધિકારીતા (આદિજાતિ વિકાસ) વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના તા. ૨૫-૨-૨૦૦૪ ના ઠરાવથી અમલમાં મૂકવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક(૨)ના આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૯-૫-૨૦૦૭ ના ઠરાવથી આદિજાતિ વિકાસ વિભાગે ધોરણ-૮ ની અનુસૂચિત જનજાતિની કન્યાઓને પોતાના રહેઠાણથી અન્ય ગ્રામ/શહેરમાં અવર-જવર કરતી કન્યાઓને સાયકલ સહાય

આપવાની જોગવાઇ ઉપરાંત શહેરી વિસ્તારમાં ૩ કી.મી.ના અંતરે અને ગ્રામના જૂથ/પરામાં ૨.૫ કી.મી.ના અંતરે આવેલ માધ્યમિક શાળામાં ધોરણ-૮ માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની કન્યાઓને સાયકલ ખરીદવા સાયકલ સહાય આપવાનું ઠરાવવામાં આવેલ છે. તેને અનુરૂપ અનુસૂચિત જાતિ, વિકસતી જાતિની કન્યાઓને પણ પોતાના રહેઠાણથી અન્ય ગામ શહેરમાં ધોરણ-૮ માં અભ્યાસ કરવા માટે અવર જવર કરતી કન્યાઓને સાયકલ સહાય આપવાની જોગવાઇ ઉપરાંત શહેરી વિકાસ્તારમાં ૩ કી.મી.ના અંતરે અને ગ્રામના જૂથ/પરામાં ૨.૫.કી.મી.ના અંતરે આવેલ શાળામાં ધોરણ-૮ માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિ ની કન્યાઓને સાયકલ ભેટ આપવાનું ઠરાવવામાં આવે છે.

ક્રમાંકઃ(૧) અને (૩) ના ઠરાવો મુજબ અન્ય શરતો યથાવત રાખવામાં આવે છે.

આ હુકમો આવિભાગ ની સરખાક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા;૨૯/૬/૨૦૧૧ની નોંધથી મળેલ અનુમતી અનુંસાર બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઇ. જે. મનસુરી )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ-</u>

-નામ.રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
-માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન.મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન.રા.ક.મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

-માન.સંસદીય સચિવશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અ. વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-સચિવશ્રી, આદિજાતિ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.
-કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
-પગાર અને હિસારી અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
-મુકામી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
-મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લી. ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
-નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
-સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
-સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
-નાણાકીય સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-બજેટ શાખા, સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-સિલેકટ ફાઇલ.
-